# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) આજથી શારદીય નવરાત્રીનો પ્રારંભ..... પ્રસિધ્ધ તીર્થસ્થાન અંબાજી અને પાવાગઢમાં વિશેષ પૂજા સાથે નવરાત્રીનો આરંભ
2) અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આજે સાંજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે વાયબ્રન્ટ નવરાત્રીનો પ્રારંભ થશે..
3) MSME મંત્રાલયે સૂતર કાંતનારા અને ચરખો ચલાવનારા કારીગરોના વેતનમાં વધારો કર્યો
4) નવરાત્રી દરમિયાન ગરમીનો પારો ઉચકાય તેવી હવામાન વિભાગની આગાહી.. આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા
5) અમદાવાદ મંડળ ના ભાંડુ મોટી દાઉ-ઊંઝા-કામલી સ્ટેશનો વચ્ચે ડબલિંગના કામને કારણે ઉત્તર ગુજરાત થઇને દિલ્હી તરફ જતી ટ્રેનના વ્યવહાર ઉપર અસર
6) સાંસ્કૃતિક અને હિન્દીના પ્રચાર અને પ્રસાર માટે ગુજરાત યુનિવર્સિટી અને રશિયાની એસ્ટ્રાખાન સ્ટેટ યુનિવર્સિટી વચ્ચે સમજૂતીના કરાર થયા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Navratri

આજથી માઁ આદ્યશક્તિના આરાધના પર્વ શારદીય નવરાત્રીનો પ્રારંભ થઇ રહ્યો છે. આસો સુદ એકમથી નોમ સુધી નોરતાનાં નવ દિવસ દરમિયાન નવદુર્ગાના નવ સ્વરૂપોની પૂજા, અર્ચન, જપ-તપ અને વ્રત કરી માની આરાધના કરવામાં આવે છે.

વર્ષ દરમિયાન ચાર નવરાત્રિઓ પૈકી ચૈત્ર માસ અને આસો માસની નવરાત્રી વિશેષ પ્રચલિત છે.

આજે નવરાત્રીના પ્રથમ દિવસે મા શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. હિમાલય પુત્રી કુમારી શૈલજા સ્વરૂપા માનુ વાહન વૃષભ છે. જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળ ધારિણી મા શૈલપુત્રીની નવરાત્રીના પ્રથમ દિવસે ઉપાસના કરવામાં આવે છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, હર્ષલ પંડયા, નવીન

# NAVRATRI-GUJARAT

રાજ્યમાં આજે નવરાત્રિનો ધાર્મિક ઉમંગ અને ઉલ્લાસ સાથે પ્રારંભ થઈ રહ્યો છે. બનાસકાંઠાના સૌથી પૂજનીય અંબાજી મંદિર અને પાવાગઢના મહાકાળી મંદિર સહિત રાજ્યના શક્તિપીઠોની મુલાકાતે ભક્તો આવી રહ્યા છે. ગુજરાતમાં નવરાત્રિના તહેવારની ઉજવણી, ગરબાથી, નવ દિવસના ઉપવાસ કરીને અને વિવિધ ધાર્મિક વિધિઓ કરીને ઉજવવામાં આવે છે.

અમારા સંવાદદાતા અપર્ણા ખુંટ જણાવે છે કે નવરાત્રિની શરૂઆત સાથે, રાજ્યએ પણ રાસ ગરબાની ઉજવણી માટે તૈયારીઓ કરી લીધી છે. આ વર્ષે, રાજ્ય સરકારે વ્યાપારી અને રહેણાંક સ્થળોએ ઉજવણીના સમય પરના નિયંત્રણો હટાવ્યા છે. જો કે, સરકારે લોકોને ખાસ કરીને હોસ્પિટલના વિસ્તારોમાં ડીજેના અવાજને નિયંત્રિત કરવાની અપીલ પણ કરી છે.

------------------------------------------------------------------------

- પુલ, રિદ્ધિ -(NAVIN)

# AMIT SHAH NAVRATRI

માં અંબાની ભક્તિ, શક્તિના પર્વ શારદીય નવરાત્રીનો આજથી હર્ષોલ્લાસ સાથે પ્રારંભ થઇ રહ્યો છે. ભક્તો માતાનાં ગરબાને રંગાવીને ઘરે સ્થાપન કરશે. તો કેટલાક લોકો ઉપવાસ, અનુષ્ઠાન, વ્રત અને તેલા કરીને માતાજીને રીઝવશે. નવ યુવાનો નવે નવ દિવસ શણગાર સજીને ગરબે ઘૂમશે... અને હિલોળે ચડશે. સમગ્ર રાજ્યમાં નવરાત્રીના ગરબા માટે વિવિધ આયોજનો થયાં છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના GMDC મેદાન ખાતે વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, પ્રવાસનમંત્રી મુળુ બેરા તેમજ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. સમારોહ દરમિયાન 'જય માં આદ્યાશક્તિ'ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહા આરતી યોજાશે. તમામ નવ રાત્રીએ રાજ્યના પ્રસિદ્ધ કલાકારો-ગાયકો મહોત્સવમાં ભાગ લેશે. આ ઉપરાંત નવરાત્રી મહોત્સવમાં થીમ પેવેલિયન, હસ્તકલા બજાર, ફૂડ સ્ટોલ, બાલ નગરી, વિવિધ થીમ આધારીત ગેટ વગેરે જેવા મુખ્ય આકર્ષણો પણ બનાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2022માં વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે 11 લાખથી વધુ લોકોએ, જ્યારે 2023માં 12 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષમાં 11 ટકાનો ઉછાળો નોંધાયો છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# IMD WEATHER

રાજ્યમાં નવરાત્રીના પ્રારંભ સાથે ગરમીનો પારો ઉપર જઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર આગામી સપ્તાહે રાજ્યમાં તપામાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

દરમિયાન આજે દક્ષિણ ગુજરાતમાં નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ગીજવીજ સાથે વળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અમરેલી, ગીર સોમનાથના કેટલાક ભાગોમં છૂટો છવાયો વરસાદ વરસી શકે છે. એ સિવાય રાજ્યના બાકીના જિલ્લાઓમા હવામાન સૂકું રહેશે.

બીજી તરફ ગત મોડી સાંજે તાપી અને અમરેલી જિલ્લાના મુખ્ય મથક વ્યારામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

---

- **IMD WEB,** પીટીસી તાપી, **SUNITA, SONAL**

-(NAVIN)

# SARAS MELO

નવરાત્રી દરમિયાન રાજ્યના પરંપરાગત ઉત્સવોને ગ્રામીણ હસ્તકલા સાથે જોડી મહિલાઓને રોજગારી આપવા સખી મંડળની મહિલાઓ માટે સરસમેળાનું આયોજન કરે છે. આ વર્ષે અમદાવાદના GMDC ખાતે ‘વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ-૨૦૨૪’માં ગુજરાત ટૂરિઝમ દ્વારા સરસ મેળા થીમ આધારીત પેવિલિયન બનાવવામાં આવ્યું છે.

આ પેવેલીયનમાં આજથી ૧૩ ઓક્ટોબર સુધી ૨૨ સ્ટોલ્સ બનાવાયા છે..

ભારત સરકાર, ગુજરાત સરકાર અને ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી તથા પોલિસી વિશે મુલાકાતીઓને માહિતી આપવા પેનલ ડીસ્પ્લે, એલઈડી સ્ક્રિન પણ મુકાઈ છે. બ્રાન્ડિંગ માટે પેવેલિયનમાં બે ફોટો કોર્નર્સ બનાવાયા છે, જ્યાં મુલાકાતીઓ યાદગાર ક્ષણો કેદ કરી શકશે.

રાજ્યના સખી મંડળો થકી ઉત્પાદીત વસ્તુઓના ડિજિટલ કેટલોગનું લોકાર્પણ પણ કરાશે.

-----------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# KHADI WAGE HIKE

સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમ એટલે કે, M.S.M.E. મંત્રાલયે સૂતર કાંતનારા કારીગરોના વેતનમાં 25 ટકા અને ચરખો ચલાવનારા કારીગરોના વેતનમાં સાત ટકાનો વધારો કર્યો છે. આ જાહેરાત ગયા મહિનાની 17મી તારીખે કરવામાં આવી હતી.

ખાદી અને ગ્રામોદ્યોગ પંચના અધ્યક્ષ મનોજ કુમારે કહ્યું કે, ‘વણકરોને સૂતર કે દોરાની આંટીદીઠ 12 રૂપિયા 50 પૈસા રૂપિયા મળશે. છેલ્લા એક દાયકામાં વેતનમાં અંદાજે 213 ટકાનો વધારો નોંધાયો છે. શ્રી કુમારે ઉંમેર્યું કે, ‘પ્રધાનમંત્રીએ જ ખાદીની વસ્તુઓ પર 20 ટકા અને ગ્રામોદ્યોગ વસ્તુઓ પર 10 ટકાની છૂટની જાહેરાત કરી હતી. સમગ્ર દેશમાં ખાદીની વસ્તુઓ પર આ છૂટ 2 ઑક્ટોબરથી 30 નવેમ્બર સુધી અપાશે.’ શ્રી કુમારે કહ્યું કે, ‘ખાદી ક્ષેત્રનો વ્યવસાય ગત નાણાકીય વર્ષમાં એક લાખ 55 હજાર કરોડ રૂપિયાના આંકડાને પાર પહોંચ્યો છે.’

---------------------------------------------------------------------------

- (POOL – PRAVESH)

-(NAVIN)

# SWCHHTA HI SEVA DISTRICT

સમગ્ર દેશ સહિત રાજ્યભરમાં ગઈકાલે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે ઠેર ઠેર સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાનની ઉજવણી કરાઈ હતી. નગરપાલિકા પ્રમુખના હસ્તે શ્રેષ્ઠ સફાઇ કામદારને શિલ્ડ, પ્રમાણપત્ર અને ૧૦ હજાર રૂપિયાનો ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજકોટ જિલ્લાના જસદણ, ગોંડલ અને જેતપુર તાલુકાના વિવિધ ગામોમાં સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

પાટણના રિજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને જાહેર જનતાએ સાથે મળી સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરી હતી અને ત્યાનાં પ્રાંગણમાં સાફ સફાઈ હાથ ધરવામાં આવ્યું હતું.

---

- પાટણ- પંચમહાલ- રાજકોટ- પીટીસી- મા.ખાતુ- રિધ્ધિ

-(NAVIN)

# TRAIN

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મહેસાણા-પાલનપુર સેક્શન પર ભાંડુ મોટી દાઉ-ઊંઝા-કામલી સ્ટેશનો વચ્ચે ડબલ લાઇનના સંબંધમાં નોન-ઇન્ટરલોકિંગ કામને કારણે આજથી બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે પશ્ચિમ રેલવે ની આજથી 07 ઓક્ટોબર સુધી આબુ રોડથી ઉપડતી આબુ રોડ-મહેસાણા ડેમુ રદ રહેશે. જ્યારે 04, 05 અને 06 ઓક્ટોબરના રોજ સાબરમતીથી ચાલતી સાબરમતી-જોધુપર એક્સપ્રેસ આબુ રોડ અને સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.. આજે સાબરમતીથી ઉપડનારી સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે.. સાબરમતી-આગ્રા કેન્ટ એક્સપ્રેસ, રાજકોટ-દિલ્હી સરાય રોહિલા એક્સપ્રેસ

સાબરમતી – નવી દિલ્હી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ, સાબરમતી-દિલ્હી આશ્રમ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ પર દોડવાને કારણે ઊંઝા સ્ટેશને જશે નહીં.

---------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# GUJ. UNI. M.O.U.

ગુજરાત યુનિવર્સિટી અને રશિયાની એસ્ટ્રાખાન સ્ટેટ યુનિવર્સિટી વચ્ચે સમજૂતીના કરાર થયા છે. હવે ગુજરાત યુનિવર્સિટી અને રશિયન યુનિવર્સિટી રિસર્ચ અને હિન્દીના પ્રચાર માટે સાથે કામ કરશે.

રશિયન ફેડરેશનના ઓનરરી કોન્સ્યુલ રથીશ નાયરે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ એમ.ઓ.યુ.ના ભાગરૂપે સાંસ્કૃતિક અને ભાષાને લગતું આદાનપ્રદાન ભારત અને રશિયાની વચ્ચે થશે.

---------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, રિદ્ધિ -(NAVIN)

# MANDAVIYA LOKARPAN

પોરબંદર જિલ્લાનાં સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાના હસ્તે પોરબંદર જિલ્લાના ખાગેશ્રી ગામ ખાતે 1 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં નવાં બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું... કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, છેવાડાના ગામો સુધી પાણી, રોડ આરોગ્ય સહિતની સુવિધાઓ પહોંચી રહી છે અને ગામડાઓ હવે સમૃદ્ધિનાં માર્ગ તરફ આગળ વધી રહ્યાં છે

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં નવાં મકાનમાં આરોગ્ય સુવિધાઓની સાથે સાથે તેને સંલગ્ન વ્યવસ્થા તેમજ પાર્કિંગ વગેરેથી સુવિધાઓ છે.

ખાગેશ્રીનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં હેઠળ 8 પેટા આરોગ્ય કેન્દ્ર સમાવેશ થાય છે. કેન્દ્ર હેઠળ કુલ ગામો 15 ગામોની 29 હજાર 294 જેટલા નાગરિકોને આ નવા કેન્દ્ર દ્વારા આરોગ્ય વિષયક સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહેશે.

---------------------------------------------------------------------

- પીઆઇબી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત 13 વર્ષની વયની નીચેના છોકારાઓની લીગ ક્લબ ચેમ્પિયન શીપનો પ્રારંભ આગામી છઠ્ઠી ઓક્ટોબરથી થશે... આ ચેમ્પિયનશીપમાં ગુજરાત ની કુલ 19 ક્લબ ની ટીમો ભાગ લઈ રહી છે.

જે ક્લબો ભાગ લઈ રહેલ છે તેમાં ARA FC, ગાંધીનગર FC, વડોદરા FC નો સમાવેશ થાય છે..

ટુર્નામેન્ટની મેચ દરેક રવિવારે રમાશે. ટુર્નામેન્ટ અમદાવાદ, વડોદરા, આણંદ, રાજકોટ, ગાંધીધામ વગેરે શહેરો મા રમાડવામાં આવશે. દરેક ટિમને 18 મેચ રમવા મળશે, સેમીફાઇનલ અને ફાઇનલ મેચ 16મી ફેબ્રુઆરી 25માં અમદાવાદના ARA FC અને વડોદરાના નવરચના SA, ના ગ્રાઉંડ મા રમાશે.

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)